| GJSK040021622019 | | |
|---|---|---|
| | આંક | |
| | કેસ દાખલ તા: | ૧૬/૧૦/૨૦૧૯ |
| | કેસ રજી. તા: | ૧૬/૧૦/૨૦૧૯ |
| | કેસ ફેસલ તા: | ૦૩/૦૬/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | |

**ઈડરના મે.એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ઈડર.**

**ફોજદારી કેસ નં.૧૭૫૨/૨૦૧૯**

**ફરીયાદી :–** **શ્રી સરકાર.**

**વિરુધ્ધ**

**આરોપીઓ :–** (૧) સુંદરબેન નાથાભાઇ ખારવા, ઉ.વ.૫૫,
(૨) વિનાબેન રામુભાઇ સુખાભાઇ ભરથરી(એબેટ)
(૩) સમુબેન રામુભાઇ હુસેનભાઇ ખારવા,ઉ.વ.૪૦,
(૪) ઇમ્તીયાજઅલી અબ્બાસઅલી સૈયદ,ઉ.વ.૩૧
(૫) નાથાભાઇ થાવરાભાઇ ખારવા,ઉ.વ.૫૫
(૬) સીતાબેન વા/ઓ રામાભાઇ ભેરાજી વણઝારા, ઉ.વ.૫૩
આરોપી નં.૧ થી ૩ તથા નં.૫ રહે.ભીલોડા, ગોવિંદનગર, મદારીવાસ, તા.ભિલોડા, જી.અરવલ્લી
આરોપી નં.૪ રહે.ટાકાટુકા,તા.ભિલોડા, જી.અરવલ્લી
આરોપીનં.૬ રહે.ઇડર,ભાટીયામીલ,વણઝારાવાસ, તા.ઇડર,જી.સાબરકાંઠા

**ગુન્હો :– <u>પ્રોહી. એકટની કલમ–૬૫(ઇ),૬૭(૧), ૮૧, ૯૮(૨) મુજબ.</u>**

---

**સરકારશ્રી પક્ષ તરફે :–** વિ.વ.શ્રી પી.બી.દવે.
**આરોપીઓ તરફે :–** વિ.વ.શ્રી બી.એમ.ગઢવી.

---

**-: ઠરાવ :-**

૧. આરોપીઓ સામે ફરીયાદપક્ષના કેસની વિગત એવી છે કે,આરોપીઓ એ તા.૧૪/૦૩/૧૮ના રોજ કલાક-૧૨/૪૫ વાગ્યાના સુમારે મોજે રેવાસ ગામે રોડ ઉપર પ્રોહી.પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે આરોપી નં.૧ થી ૪ નાઓએ વિમલ કંપનીના લેબલવાળા કાપાડના મોટા થેલા નંગ-૫ માં ગેરકાયદેસર રીતે દેશી દારૂ લીટર-૨૦૦, કિ.રૂા.૪૦૦૦/-નો સી.એન.જી.રીક્ષા નં.જીજે.૦૯.એએકસ.૨૧૭૪ નીમાં આરોપી નં.૬નાઓના ઘરે ઇડર બાળેલા તળાવ વણઝારાવાસ ખાતે વેચાણ સારૂ આપવા માટે આરોપી નં.૫ નાઓએ ભરી આપી લઈ આવતા હતા તે દરમ્યાન પોલીસ વોચ દરમ્યાન રેવાસ કાનપુર રોડ ઉપર આરોપી નં.૧ થી ૪નાઓ પ્રોહી. મુદ્દામાલ તથા સી.એન.જી. રીક્ષા સાથે હેરાફેરી કરતા મળી આવી પકડાઇ ગયેલ દેશી દારૂ કિ.રૂા.૪૦૦૦/- તથા સી.એન.જી.રીક્ષા કિ.રૂા. ૧,૦૦,૦૦૦/- નો મળી કુલ રૂા.૧,૦૪,૦૦૦/-ના મુદ્દામાલ સાથે આરોપી નં.૧ થી ૪ના પકડાઇ ગયેલ.જેથી આરોપીઓ સામે પ્રોહી. એકટની કલમ-૬૫(ઈ),૬૭(૧),૮૧,૯૮(૨)મુજબની ફરીયાદ આપવામાં આવેલ.જેની તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આ કામના આરોપીઓને સમન્સની ધારાસર બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ, તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપી આંક-૨૦થી તહોમતનામું ફરમાવી વાંચી સંભાળવી આંક-૨૧ થી આંક-૨૫ સુધીની પ્લી લેતાં

તેઓએ ગુન્હાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની માંગણી કરેલ છે.

સદર કામે આરોની નં.૨ વિનાબેન રામુભાઈ સુખાભાઈ ભરથરીને કરવામાં આવેલ સમંસ અન્વયે સદર આરોપી મરણ ગયેલાનો શેરો તથા મરણનો દાખલો રજુ કરેલ છે જે અન્વયે આરોપી નં.૨ ને એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

૩. ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**(અ) મૌખિક પુરાવો :–**

| નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી નીકુલસિંહ મહેન્દ્રસિંહની જુબાની | ૩૩ |
| ૨. | પંચ સાહેદ બાલાજી સરદારજી મકવાણાની જુબાની | ૩૫ |
| ૩. | પંચ સાહેદ જાકીરમીયા યુસુફમીયા શેખીન જુબાની | ૩૮ |

**(બ) દસ્તાવેજી પુરાવો :–**

| આંક | વિગત |
|---|---|
| ૩૪ | અસલ ફરીયાદ |
| ૩૫ | પંચનામાંની ખરી નકલ |

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું મૌખિક જાહેર કરેલ છે.

૪. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.તેમાં તેઓએ ફરીયાદપક્ષની હકીકતો નકારી પોતાને સોગંદ પરની જુબાની આપવી નથી તેમજ બચાવપક્ષના સાહેદો તપાસવા નથી અને

વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓના ઉપર ખોટી ફરીયાદ કરેલ હોવાનુ જણાવેલ છે.

૫. ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને અને બચાવપક્ષે તેઓના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

૬. સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપિસ્થત થાય છે.

**<u>મુદ્દાઓ :-</u>**

**(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ એ તા.૧૪/૦૩/૧૮ના રોજ કલાક-૧૨/૪૫ વાગ્યાના સુમારે મોજે રેવાસ ગામે રોડ ઉપર પ્રોહી.પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે આરોપી નં.૧ થી ૪ નાઓએ વિમલ કંપનીના લેબલવાળા કાપાડના મોટા થેલા નંગ-૫ માં ગેરકાયદેસર રીતે દેશી દારૂ લીટર-૨૦૦,કિ.રૂા.૪૦૦૦/-નો સી.એન.જી.રીક્ષા નં.જીજે. ૦૯.એએકસ.૨૧૭૪ નીમાં આરોપી નં.૬નાઓના ઘરે ઇડર બાળેલા તળાવ વણઝારાવાસ ખાતે વેચાણ સારૂ આપવા માટે આરોપી નં.૫ નાઓએ ભરી આપી લઇ આવતા હતા તે દરમ્યાન પોલીસ વોચ દરમ્યાન રેવાસ કાનપુર રોડ ઉપર આરોપી નં.૧ થી ૪નાઓ પ્રોહી. મુદ્દામાલ તથા સી.એન.જી. રીક્ષા સાથે હેરાફેરી કરતા મળી આવી પકડાઇ ગયેલ દેશી દારૂ કિ.રૂા.૪૦૦૦/-તથા સી.એન.જી.રીક્ષા કિ.રૂા.૧,૦૦,૦૦૦/-નો મળી કુલ રૂા.૧,૦૪,૦૦૦/-ના મુદ્દામાલ સાથે આરોપી નં.૧ થી ૪ના પકડાઇ ગયેલ.જેથી આરોપીઓ સામે પ્રોહી. એકટની કલમ-૬૫(ઇ),૬૭(૧),૮૧,૯૮(૨)મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**(૨)** શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નં.૧</u> :**

૮. સદર મુદ્દાની સાબિતીનો બોજો પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ પર હોય ફરીયાદપક્ષે તેઓના કેસના

સમર્થનમાં રજુ મૌખિક પુરાવો બાચાવપક્ષની ઉલટતપાસ સહિત ધ્યાને લેતાં તથા દસ્તાવેજી પુરાવો તથા બન્ને પક્ષે રજુ દલીલો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં પુરાવો જોતાં, ફરીયાદ પક્ષ તરફે આંક–૩૩થી ફરીયાદી નિકુલસિંહ મહેન્દ્રસિંહ રાઠોડને તપાસવામાં આવેલ છે.તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,આ કામના આરોપીઓએ સી.એન.જી રીક્ષામાં વગર પાસ પરમીટે મોટા મોટા થેલાઓમાં દેશી દારૂ લીટર–૨૦૦, કિ.રૂા.૪૦૦૦/–મુદ્દામાલ સાથે તથા સી.એન.જી.રીક્ષા જેની કુલ કિ.રૂા.૧,૦૦,૦૦૦/– સાથે પકડાઇ જઇ પંચનામાની વિગતે પંચો રૂબરૂ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ અને આંક–૩૪ થી રજુ ફરીયાદને અનુરૂપ પુરાવો આપે છે પરંતુ આ કામે પ્રથમ પંચનામું કર્યા બાદ ફરીયાદ આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદમાં પંચોના નામ જણાવવામાં આવેલ નથી તેમજ કયાં વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે ફરીયાદમાં જણાવેલ ન હોવાનુ તેમજ બનાવ સ્થળ જાહેર વિસ્તાર હોય બનાવ વાળા સ્થળેથી સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ હોવા છતાં આ કામે પોલીસ સાહેદો સિવાય સ્વતંત્ર સાહેદોના કોઇ નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૩૫થી પંચ સાહેદ બાલાજી સરદારજી મકવાણાને તથા આંક–૩૮થી પંચ સાહેદ જાકીરમીયા યુસુફમીયા શેખને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.સદર પંચ સાહેદો આંક–૩૬થી રજુ પંચનામા માં પોતાની સહીઓ ઓળખી બતાવવા સિવાય પંચનામાંની હકીકતને સમર્થન કરતા નથી.એ સંજોગોમાં આ કામે ફરીયાદીની ફરીયાદ મુજબ

પંચોની હાજરીમાં પંચનામું કરી પ્રોહી.મુદ્દામાલ કબજે કરેલાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.એ સંજોગોમાં આ કામે તપાસવામાં આવેલ પંચો જયારે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ જ પુરાવો રજુ રાખતા ન હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે.

2016 (4) GLR 3159
THE STATE OF GUJARAT
VS
YADVENDRASING SARDAR SURJITSING JAT (SHIKH) &

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

આમ, જયારે આ કામે માત્ર પંચ સાહેદો સ્વતંત્ર સાહેદો છે અને તેઓ પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી તેમજ આ કામે પોલીસ સાહેદનો જો પુરાવો નોંધવામાં આવે તો પણ તેઓના પુરાવાથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ મુજબ પકડાયેલ પ્રોહી.મુદ્દામાલ બાબતે શંકા ઉદભવે છે.આમ,ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપીઓ (૧) સુંદરબેન નાથાભાઇ ખારવા,(૩) સમુબેન રામુભાઇ હુસેનભાઇ ખારવા, (૪) ઇમ્તીયાજઅલી અબ્બાસ અલી સૈયદ,(૫) નાથાભાઇ થાવરાભાઇ ખારવા,(૬)સીતાબેન વા/ઓ રામાભાઇ ભેરાજી વણઝારાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧)અન્વયે પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઇ),૬૭(૧), ૮૧,૯૮(૨) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

૨. સદર ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના પ્રોહી.મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ મોબાઇલ તથા વાહન અંગે જો કોઇ અગાઉ હુકમ થયેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અને જો કોઇ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ વાહનના રજી. માલિકની ખાત્રી કરી તેને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭ અન્વયે આ કામના આરોપીઓએ રૂા.૧૫,૦૦૦/-(રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન અને જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૩જી,માહે:જુન,સને:૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ઇડર
તા.૦૩/૦૬/૨૦૨૬

**( ડૉ.સ્તુતિ.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જ્યુડી. મેજી.મુ.ઇડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

//R.N.P.//